

જનનો પ્રસાદ
બળવંત જાની
feedback@
aysamachar.com

બાઈ બૂઢાઈના ગિનાન: બોધ અને ઉપદેશનો ખજાનો

મરણોત્તર વિધિમાં એક છમાસી વિધિ હોય છે. આ વિધિ પ્રસંગના મંડપનું અને જમાપના સાથે સાધવાના અનુસંધાનનું અહીં કથન છે. બધી મરણોત્તર વિધિના અને એમના ઉપદેશના, ક્રિયાકલાપના તેજસ્વી અનુસંધાન બનેલા ખરા વારસદારે શું કરવું. કોઈ પરત્વે ભેદ ન રાખવો એનો એમાં નિહિત સંદેશ છે

નિઝારી ઈસ્માઈ નારીસંત બાઈ બૂઢાઈના માત્ર તેંત્રીશ ગિનાન છે. પણ એમાં ડણમણ, જીવનનાં સત્યોની સમજણ અને જ્ઞાનનો ખજાનો છે. એ વિચારદ્રવ્ય ભારે કિંમતી છે. બાઈ બૂઢાઈ હસનકબીર પીરના પુત્રી હતા. એમની માતાનું નામ જેવલબાઈ રુકનુદેવી હતું. બાઈ બૂઢાઈના લગ્ન અત્યંત ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા સાથે થયા હતા. બધી જ રીતે ખૂબ સુખી હતા પણ ઈબાદત માટે સમય ઓછો મળતો એને કારણે દુઃખી રહેતા. પિતાશ્રી હસનકબીર પીરને જ ગુરુ ગણતા. એમની વફાત (અવસાન) પછી પિયરગૃહે આવેલા. ભાઈ ઈમામશાહ સાથે થયેલો સંવાદ-પ્રશ્નો-ઉત્તરો એટલે 'ઈમામશાહ તથા બાઈ બૂઢાઈનો સંવાદ' નામના એકોત્તેર ગિનાન રચનાઓનો સંચય.

મરણોત્તર વિધિમાં એક છમાસી વિધિ હોય છે. આ વિધિ પ્રસંગના મંડપનું અને જમાપના સાથે સાધવાના અનુસંધાનનું અહીં કથન છે. બધી મરણોત્તર વિધિના અને એમના ઉપદેશના, ક્રિયાકલાપના તેજસ્વી અનુસંધાન બનેલા ખરા વારસદારે શું કરવું. કોઈ પરત્વે ભેદ ન રાખવો એનો એમાં નિહિત સંદેશ છે. વાત એમ હતી કે કબીર પીરની વફાત પછી પીરાઈ(કાકા) તાજદીન પીર પાસે આવી. પોતા પાસે ન આવી. બહેનને ઊંડે-ઊંડે દહેશત છે કે ભાઈ વિચલિત ન થાય. એનું જ્ઞાન, એની સાધના અને ઉપદેશ-વાચે જ ફરમાવવાની કળાનો બહુ પ્રભાવ હતો. સમરસતા અને સમભાવનું વાતાવરણ તૂટે નહીં એ માટે આવા ધાર્મિક વિશ્વ પ્રસંગે ભાઈસે શું કરવું એના બોધને વિગતને આલેખતા-વર્ણવતા એ ગિનાનને આસ્વાદીએ.

'જીરે ભાઈ લીલા પીલા પડદા બંધાવો,
ઉજલા કાળા રંગ સારા-જીરે ભાઈ-૧
જીરે ભાઈ ચારે થંભે ચોક રૂપાના જડાવો,
તીસમે રંગ જોત લગાડો-જીરે ભાઈ-૨
જીરે ભાઈ મોટા ગોળા પાણીના ભરાવો,
ઉસમેં સરબત બનાવો-જીરે ભાઈ-૩
જીરે ભાઈ ઊંચા ચોખા ઊંચી દાળ મંગાવો,
અને ઊંચા ગરત સારા-જીરે ભાઈ-૪
જીરે ભાઈ રાંધવા કાજે મોટા મુનિવર તેડાવો,
પછે અમે આવી ઊભા રહેવે-જીરે ભાઈ-૫
જીરે ભાઈ જમવા ટાણે અઢારે ભાઈ તેડાવો,
જે સંસાર તણા પરિવાર-જીરે ભાઈ-૬
જીરે ભાઈ મસીત તણા સરવે મુલ્લા તેડાવો,
તેડાવો કાજી માહમદશાહ જાણ-જીરે ભાઈ-૭
જીરે ભાઈ ફાતેહા ખતમાં સરવે જાહેર કેરા,
ભાઈ નામ તમારા લેના-જીરે ભાઈ-૮
જીરે ભાઈ તમારે પાસે સરવે માલ હમેરા,
બાપની છ માસી કરના-જીરે ભાઈ-૯
જીરે ભાઈ બાઈ બૂઢાઈ પીર કબીરદીનકી બેટી જ બોલ્યા,
ભાઈકે શબ્દ પર રહેણાં-જીરે ભાઈ-૧૦'

હે ભાઈ, તમે મંડપમાં લીલા પડદા બંધાવજો, ઊજળો અને કાળો રંગ પણ સારો લાગશે. હે ભાઈ ચોકમાં થાંભલે-થાંભલે રૂપાને જડાવો એમાં જ્યોત પ્રગટાવો. મોટા-મોટા પાણીના ગોળા ભરીને એમાં શરબત ભરો-રાખો ખૂબ જ ઊંચી કલાના ચોખા અને દાળ મંગાવો, રસોઈ માટે એના જાણકારને તેડાવો. પછી હું પણ આવીને ઉભી રહીશ. ભોજન માટે અઢારેય વર્ણના તમામને આપ નિમંત્રણ આપજો. પરિવારના સર્વે ભાંડરડાઓને પણ નોતરજો. મસ્જિદના મુલ્લાઓને, કાજી મામદશાહને પણ ખાસ નિમંત્રણ આપીને તેડાવજો. ફાતેહખતમાં છેલ્લા બોલમાં બધું જાહેર કરજો. ભાઈ હું તમારું નામ લઈને કહીશ કે મારું જે કંઈ છે તે સર્વે તમારી પાસે છે. બાબાની છમાસી કરીને તમે બન્ને રીતે પિતાના વારસદાર તરીકે નામના મેળવશો. ભાઈ તમારા બોલે હું બંધાઈ છું કાયમ પાળવાની છું. આવા ભાઈને મરણોત્તર વિધિમાં પોતાનું પૂરું યોગદાન આપવા અને સમાજને, જમાતને સામે રાખવાનું સૂચન છે. ઈમામશાહની ઉપર બહેનની વાત સ્પર્શીને અસર કરી જાય છે. પિતાના સ્થૂળ અને સૂક્ષ્મ સંપત્તિના ભૌતિક અને આધ્યાત્મિક વારસાના વારસદાર તરીકેની વ્યક્તિમત્તાને પ્રગટાવતું આ ગિનાન હકીક્તે સર્વ પરત્વે સમભાવ, સદ્‌ભાવ રાખવાનો વૈમનસ્ય નહીં રાખવાનો સંદેશ પ્રસરાવે છે. અહીં બાઈ બૂઢાઈ એક સન્નારી, સંત અને વ્યાવહારિક જીવનના પાઠને અનુસરવા, પાળવાનું કથન કરતા હોઈ એની પણ સાંસારિક અને આધ્યાત્મિક ઊંચાઈ એમાંથી ઉપસે છે. આ ગિનાન ભલે ઈમામશાહને અનુલક્ષીને કહેવાતું હોય પણ એ સમગ્ર સમાજને બોધ-ઉપદેશ અર્પતું હોઈ એમાં વ્યક્તિગત નહીં પણ સાર્વત્રિક સત્યનો પ્રતિઘોષ સંભળાય છે. ગિનાન બોધ અને ઉપદેશનો ખજાનો ગણાય છે. દિશા નિર્દેશક ગણાય છે. ■

સંતો અને સિદ્ધિ

લાહોર છોડ્યા પછી એક વખત સ્વામી રામતીર્થ ઋષિકેશ પાસે ગંગાકિનારે ઊભા હતા. ત્યાં તેમને એક રોગી મળ્યો. રામતીર્થે તેમને સ્વાભાવિક જ પૂછ્યું, 'બાબા સંન્યાસ લીધાને તમને કેટલાં વર્ષ થયાં?'

યોગીએ કહ્યું, 'ચાલીસેક વર્ષ થયાં હશે.'

'ચાલીસ વર્ષનો સંન્યાસ તો ઘણો લાંબો વખત કહેવાય.'

'હાસ્તો.'યોગીએ કહ્યું.

'આટલાં વર્ષમાં કંઇ સિદ્ધિ પ્રાપ્ત કરી?' સ્વામી રામતીર્થે ફરી પૂછ્યું

યોગીએ અભિમાનમાં કહ્યું, 'ચાલીસ વર્ષ કંઇ પાણીમાં નથી નાખ્યાં, આ ગંગાને જુઓ છોને?'

'જી...'

'હું ઇચ્છું તો આ ગંગાના પાણી ઉપર ચાલી પેલી પાર ચાલ્યો જાઉં...'

'પાણી ઉપર?' રામતીર્થે આશ્ચર્ય બતાવતાં કહ્યું.

'હા, તમે જેમ જમીન ઉપર ચાલો છો એમ હું પાણી ઉપર ચાલી શકું છું.'સ્વામી રામતીર્થે ફરી પૂછ્યું 'અને એ જ રીતે પાછા પણ આવી શકો છો?'

'હા, પાછો પણ આવી શકું છું...'

'એ સિવાય કંઇ બીજું?'

'આટલી સિદ્ધિ શું ઓછી છે?'

સ્વામી રામતીર્થે હસતાં હસતાં કહ્યું...

'બહુ જ ઓછી સિદ્ધિ કહેવાય. બાબા તમે ચાલીસ વર્ષ પાણીમાં નાખ્યા છે. ગંગા નદી તો નૌકા પણ પાર કરી શકે. ચાર આના અહીંથી પેલા પાર જવાના લાગે છે અને ચાર આના ત્યાંથી અહીં પાછા આવવાના લાગે છે. ચાલીસ વર્ષમાં તમે જે પ્રાપ્ત કર્યું તે માત્ર આઠ આનામાં મળી શકે તેમ છે, તમે અમૃતના સાગરમાં જરૂર ગયા પરંતુ મોતીને બદલે કાંકરા ઉઠાવી લાવ્યા છો!'

યોગીને સમજાયું કે, આ સિદ્ધિ તો માત્ર સાંસારિક સફળતા છે, આત્માની પ્રાપ્તિ માટેનો માર્ગ નથી.■

આકાશવાણી

-દિજો

ડર ગામ ખદાણો

'તારી પાસે કંઇ છે?' લૂંટારાએ પૂછ્યું.

2017-07-31 -Bai Budhaina Ginan -Dharmtej (947)

મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR
ધર્મતેજ
સોમવાર, તા. ૩૧-૭-૨૦૧૭

ભજનનો પ્રસાદ
બળવંત જાની
feedback@
bombaysamachar.com

બાઈ બૂઢાઈના ગિનાનઃ બોધ અને ઉપદેશનો ખજાનો

મરણોત્તર વિધિમાં એક છમાસી વિધિ હોય છે. આ વિધિ પ્રસંગના મંડપનું અને જમાપના સાથે સાધવાના અનુસંધાનનું અહીં કથન છે. બધી મરણોત્તર વિધિના અને એમના ઉપદેશના, ક્રિયાકલાપના તેજસ્વી અનુસંધાન બનેલા ખરા વારસદારે શું કરવું. કોઈ પરત્વે ભેદ ન રાખવો એનો એમાં નિહિત સંદેશ છે

નિઝારી ઈસ્માઈ નારીસંત બાઈ બૂઢાઈના માત્ર તેંત્રીશ ગિનાન છે. પણ એમાં ડણમણ, જીવનનાં સત્યોની સમજણ અને જ્ઞાનનો ખજાનો છે. એ વિચારદ્રવ્ય ભારે કિંમતી છે. બાઈ બૂઢાઈ હસનકબીર પીરના પુત્રી હતા. એમની માતાનું નામ જેવલબાઈ રુકનુદેવી હતું. બાઈ બૂઢાઈના લગ્ન અત્યંત ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા સાથે થયા હતા. બધી જ રીતે ખૂબ સુખી હતા પણ ઈબાદત માટે સમય ઓછો મળતો એને કારણે દુઃખી રહેતા. પિતાશ્રી હસનકબીર પીરને જ ગુરુ ગણતા. એમની વફાત (અવસાન) પછી પિયરગૃહે આવેલા. ભાઈ ઈમામશાહ સાથે થયેલો સંવાદ-પ્રશ્નો-ઉત્તરો એટલે 'ઈમામશાહ તથા બાઈ બૂઢાઈનો સંવાદ' નામના એકોત્તેર ગિનાન રચનાઓનો સંચય.

મરણોત્તર વિધિમાં એક છમાસી વિધિ હોય છે. આ વિધિ પ્રસંગના મંડપનું અને જમાપના સાથે સાધવાના અનુસંધાનનું અહીં કથન છે. બધી મરણોત્તર વિધિના અને એમના ઉપદેશના, ક્રિયાકલાપના તેજસ્વી અનુસંધાન બનેલા ખરા વારસદારે શું કરવું. કોઈ પરત્વે ભેદ ન રાખવો એનો એમાં નિહિત સંદેશ છે. વાત એમ હતી કે કબીર પીરની વફાત પછી પીરાઈ(કાકા) તાજદીન પીર પાસે આવી. પોતા પાસે ન આવી. બહેનને ઊંડે-ઊંડે દહેશત છે કે ભાઈ વિચલિત ન થાય. એનું જ્ઞાન, એની સાધના અને ઉપદેશ-વાચે જ ફરમાવવાની કળાનો બહુ પ્રભાવ હતો. સમરસતા અને સમભાવનું વાતાવરણ તૂટે નહીં એ માટે આવા ધાર્મિક વિશ્વ પ્રસંગે ભાઈસે શું કરવું એના બોધને વિગતને આલેખતા-વર્ણવતા એ ગિનાનને આસ્વાદીએ.

'જીરે ભાઈ લીલા પીલા પડદા બંધાવો,
ઉજલા કાળા રંગ સારા-જીરે ભાઈ-૧
જીરે ભાઈ ચારે થંભે ચોક રૂપાના જડાવો,
તીસમે રંગ જોત લગાડો-જીરે ભાઈ-૨
જીરે ભાઈ મોટા ગોળા પાણીના ભરાવો,
ઉસમેં સરબત બનાવો-જીરે ભાઈ-૩
જીરે ભાઈ ઊંચા ચોખા ઊંચી દાળ મંગાવો,
અને ઊંચા ગરત સારા-જીરે ભાઈ-૪
જીરે ભાઈ રાંધવા કાજે મોટા મુનિવર તેડાવો,
પછે અમે આવી ઊભા રહેવે-જીરે ભાઈ-૫
જીરે ભાઈ જમવા ટાણે અઢારે ભાઈ તેડાવો,
જે સંસાર તણા પરિવાર-જીરે ભાઈ-૬
જીરે ભાઈ મસીત તણા સરવે મુલ્લા તેડાવો,
તેડાવો કાજી માહમદશાહ જાણ-જીરે ભાઈ-૭
જીરે ભાઈ ફાતેહા ખતમાં સરવે જાહેર કેરા,
ભાઈ નામ તમારા લેના-જીરે ભાઈ-૮
જીરે ભાઈ તમારે પાસે સરવે માલ હમેરા,
બાપની છ માસી કરના-જીરે ભાઈ-૯
જીરે ભાઈ બાઈ બૂઢાઈ પીર કબીરદીનકી બેટી જ બોલ્યા,
ભાઈકે શબ્દ પર રહેણાં-જીરે ભાઈ-૧૦'

હે ભાઈ, તમે મંડપમાં લીલા પડદા બંધાવજો, ઊજળો અને કાળો રંગ પણ સારો લાગશે. હે ભાઈ ચોકમાં થાંભલે-થાંભલે રૂપાને જડાવો એમાં જ્યોત પ્રગટાવો. મોટા-મોટા પાણીના ગોળા ભરીને એમાં શરબત ભરો-રાખો ખૂબ જ ઊંચી કલાના ચોખા અને દાળ મંગાવો, રસોઈ માટે એના જાણકારને તેડાવો. પછી હું પણ આવીને ઉભી રહીશ. ભોજન માટે અઢારેય વર્ણના તમામને આપ નિમંત્રણ આપજો. પરિવારના સર્વે ભાંડરડાઓને પણ નોતરજો. મસ્જિદના મુલ્લાઓને, કાજી મામદશાહને પણ ખાસ નિમંત્રણ આપીને તેડાવજો. ફાતેહખતમાં છેલ્લા બોલમાં બધું જાહેર કરજો. ભાઈ હું તમારું નામ લઈને કહીશ કે મારું જે કંઈ છે તે સર્વે તમારી પાસે છે. બાબાની છમાસી કરીને તમે બન્ને રીતે પિતાના વારસદાર તરીકે નામના મેળવશો. ભાઈ તમારા બોલે હું બંધાઈ છું કાયમ પાળવાની છું. આવા ભાઈને મરણોત્તર વિધિમાં પોતાનું પૂરું યોગદાન આપવા અને સમાજને, જમાતને સામે રાખવાનું સૂચન છે. ઈમામશાહની ઉપર બહેનની વાત સ્પર્શીને અસર કરી જાય છે. પિતાના સ્થૂળ અને સૂક્ષ્મ સંપત્તિના ભૌતિક અને આધ્યાત્મિક વારસાના વારસદાર તરીકેની વ્યક્તિમત્તાને પ્રગટાવતું આ ગિનાન હકીકતે સર્વ પરત્વે સમભાવ, સદ્ભાવ રાખવાનો વૈમનસ્ય નહીં રાખવાનો સંદેશ પ્રસરાવે છે. અહીં બાઈ બૂઢાઈ એક સન્નારી, સંત અને વ્યાવહારિક જીવનના પાઠને અનુસરવા, પાળવાનું કથન કરતા હોઈ એની પણ સાંસારિક અને આધ્યાત્મિક ઊંચાઈ એમાંથી ઉપસે છે. આ ગિનાન ભલે ઈમામશાહને અનુલક્ષીને કહેવાતું હોય પણ એ સમગ્ર સમાજને બોધ-ઉપદેશ અર્પતું હોઈ એમાં વ્યક્તિગત નહીં પણ સાર્વત્રિક સત્યનો પ્રતિઘોષ સંભળાય છે. ગિનાન બોધ અને ઉપદેશનો ખજાનો ગણાય છે. દિશા નિર્દેશક ગણાય છે. ■

સંતો અને સિદ્ધિ

લાહોર છોડ્યા પછી એક વખત સ્વામી રામતીર્થ ઋષિકેશ પાસે ગંગાકિનારે ઊભા હતા. ત્યાં તેમને એક રોગી મળ્યો. રામતીર્થે તેમને સ્વાભાવિક જ પૂછ્યું, 'બાબા સંન્યાસ લીધાને તમને કેટલાં વર્ષ થયાં?'

યોગીએ કહ્યું, 'ચાલીસેક વર્ષ થયાં હશે.'

'ચાલીસ વર્ષનો સંન્યાસ તો ઘણો લાંબો વખત કહેવાય.'

'હાસ્તો.'યોગીએ કહ્યું.

'આટલાં વર્ષમાં કંઇ સિદ્ધિ પ્રાપ્ત કરી?' સ્વામી રામતીર્થે ફરી પૂછ્યું

યોગીએ અભિમાનમાં કહ્યું, 'ચાલીસ વર્ષ કંઇ પાણીમાં નથી નાખ્યાં, આ ગંગાને જુઓ છોને?'

'જી...'

'હું ઇચ્છું તો આ ગંગાના પાણી ઉપર ચાલી પેલી પાર ચાલ્યો જાઉં...'

'પાણી ઉપર?' રામતીર્થે આશ્ચર્ય બતાવતાં કહ્યું.

'હા, તમે જેમ જમીન ઉપર ચાલો છો એમ હું પાણી ઉપર ચાલી શકું છું.'સ્વામી રામતીર્થે ફરી પૂછ્યું 'અને એ જ રીતે પાછા પણ આવી શકો છો?'

'હા, પાછો પણ આવી શકું છું...'

'એ સિવાય કંઇ બીજું?'

'આટલી સિદ્ધિ શું ઓછી છે?'

સ્વામી રામતીર્થે હસતાં હસતાં કહ્યું...

'બહુ જ ઓછી સિદ્ધિ કહેવાય. બાબા તમે ચાલીસ વર્ષ પાણીમાં નાખ્યા છે. ગંગા નદી તો નૌકા પણ પાર કરી શકે. ચાર આના અહીંથી પેલા પાર જવાના લાગે છે અને ચાર આના ત્યાંથી અહીં પાછા આવવાના લાગે છે. ચાલીસ વર્ષમાં તમે જે પ્રાપ્ત કર્યું તે માત્ર આઠ આનામાં મળી શકે તેમ છે, તમે અમૃતના સાગરમાં જરૂર ગયા પરંતુ મોતીને બદલે કાંકરા ઉઠાવી લાવ્યા છો!'

યોગીને સમજાયું કે, આ સિદ્ધિ તો માત્ર સાંસારિક સફળતા છે, આત્માની પ્રાપ્તિ માટેનો માર્ગ નથી. ■

આકાશવાણી

-દિજો

ડર ગાગ્ર ખદાનો

'તારી પાસે કંઇ છે?' લૂંટારાએ પૂછ્યું.